# જાણીતા ઈમિગ્રેશન એટર્ની માયકલ ફૂલવાનીનું દુઃખદ અવસાન

**ફૂલવાણી પરિવાર**

જાણીતા ઈમિગ્રેશન એટર્ની માયકલ (મોહનલાલ) ચેનરાઇ ફૂલવાનીનું ૮૪ વર્ષે દુખદ અવસાન થયું છે. મેવુડસ ન્યુ જર્સીના નિવાસી માયકલ ફૂલવાણી પ્રેરણદાયી પિતા, પ્રેમાળ દાદા, હૂંફ આપનારા ભાઈ અને પિતરાઇ અને દોસ્તો માટે ઉદાર દિલ ધરાવતા હતા.

૪૦ વર્ષથી તેઓ વકિલાત કરતાં રહ્યા હતા . સમાજને આપેલા યોગદાન માટે તેમને મહાત્મા ગાંધી અવોર્ડ તથા ફેડરેશન ઓફ ઈન્ડિયન એસોસિએશન તરફથી લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. એનજે લો જર્નલે પણ તેમને પ્રોફેશનલ એક્સલન્સ લાઇફટાઇમ અચિવમેન્ટ



માયકલ ફૂલવાની (૧૯૨૬-૨૦૨૦)

એવોર્ડ એનાયત કર્યો હતો.

ઈમિગ્રેશન એન્ડ નેચરલાઇઝેશન સર્વિસ અને અમેરિકન કોન્સ્યૂલેટ સાથે તેમણે ઘણા કોમ્પ્લેક્સ ઈમિગ્રેશન કેસોને સંભાળ્યા હતા. અમેરિકાના ઈમિગ્રેશન કાયદાઓ વિશેના તેમના વક્તવ્ય સાંભળવા દેશ વિદેશમાં લોકો ખાસ ઉમટી પડતા. સમુદાય માટે તેઓ સેવા કાર્યો કરતા રહ્યા તે માટે અનેક સંગઠનો તરફથી તેમનું સન્માન થયું હતું.

આઈટીવી પર તેઓ અને એટર્ની ડેવિડ નચમાન ઈમિગ્રેશન એન્ડ યૂ કાર્યક્રમ દર અઠવાડિયે રજૂ કરતા હતા.

તેમણે 'ગાઈડ ટુ યુએસ વીઝાઝ' નામે પુસ્તક લખ્યું હતું. તેઓ ન્યૂઝ ઈન્ડિયા સહિત જુદા જુદા સાઉથ એશિયન પ્રકાશનોમાં ઈમિગ્રેશન વિશે નિયમિત લખતા રહ્યા હતા.

ફૂલવાની પરિવારે વિનંતી કરી છે કે સદગતને ફૂલો અર્પણ કરવાના બદલે ઈન્ટરનેશનલ રેસ્ક્યૂ કમિટી માટે દાન આપવું, જેથી સેવાના કાર્યો તેમની વિદાય પછી પણ થતા રહે. દાન માટે સંસ્થાની વેબસાઈટ જોવા વિનંતીઃ https://www.rescue.org/

**માઈકલ ફૂલવાણીને મહાત્મા ગાંધી અવોર્ડ, ફેડરેશન ઓફ ઈન્ડિયન એસોસિએશનનો લાઇફટાઇમ અચિવમેન્ટ અવોર્ડ તથા એનજે લો જર્નલે પણ તેમને પ્રોફેશનલ એક્સલન્સ લાઈફટાઈમ અચિવમેન્ટ અવોર્ડ અર્પણ કર્યો હતો.** *(તસવીર સૌજન્યઃ ફૂલવાણી પરિવાર)*

# GOPIO-CTની નવી ટીમ અને ચેરિટી માટે ફંડફાળો

ગ્લોબલ ઓર્ગેનાઇઝેશન ઓફ પિપલ ઓફ ઈન્ડિયન ઓરિજિનના (GOPIO-CT) કનેક્ટિકટ ચેપ્ટરની સામાન્ય સભા મળી તેમાં ૫,૦૦૦નો ફાળો એકઠો થયો હતો. કનેક્ટિકટના નવા ઈમિગ્રન્ટને મદદ માટે બનેલી સ્ટેમફોર્ડ બિલ્ડિંગ વન કમ્યુનિટીને રકમ દાનમાં આપવામાં આવી હતી. સાથે જ ચેપ્ટરની નવી ટીમની પણ જાહેરાત થઈ

પ્રમુખ અશોક નિચાણીએ વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે કોરોના સંકટ દરમિયાન માસ્ક વિતરણ તથા સ્ટેમફોર્ડ હોસ્પિટલમાં ભોજન વિતરણ સહિતના સેવા કાર્યો કરવામાં આવ્યા હતા. વિલ્ટન મિડો હેલ્થકેર માટે KN95 માસ્કની આયાત કરાઇ હતી.

આ વખતે વાર્ષિક દીવાળી ઉજવણી ઓનલાઇન







(ડાબ) GOPIO-CTની હોલીડે પાર્ટીમાં મુખ્ય અતિથિ કોન્સલ જનરલ રણધીર કુમાર જયસ્વાલનું સંબોધન. (જમણે) GOPIO-CT તરફથી વાર્ષિક કાર્યક્રમ અને ફંડરેઇઝર ઓનલાઇન યોજાયો હતો. *(તસવીર સૌજન્યઃ GOPIO CT)*

કરવામાં આવી હતી અને તે વખતે સાંસદ જિમ હાઇમ્સ હાજર રહ્યા હતા.

૨૦૨૧ની નવી ટીમમાં પ્રેસિડન્ટ તરીકે નિચાણીને ફરી ચૂંટવામાં આવ્યા. એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડન્ટ તરીકે પ્રસાદ ચિંતલાપુડી, વાઇસ પ્રેસિડન્ટ તરીકે જયા દક્ષાદાર, સેક્રેટરી તરીકે પ્રાચી નારાયણ, જોઈન્ટ સેક્રેટરી તરીકે મીરા બાંટા અને ટ્રેઝરર તરીકે વિરેશ શર્મા નિમાયા. બે ટ્રસ્ટીઓ થોમસ અબ્રાહમ અને નીલમ નારંગને ફરીથી ચૂંટવામાં આવ્યા.

ચેપ્ટરની વાર્ષિક હોલિડે પાર્ટીમાં કોન્સલ જનરલ રણધીર જયસ્વાલ હાજર રહ્યા હતા અને સંસ્થાના સેવાકાર્યોની પ્રશંસા કરી હતી. સ્ટેમફોર્ડના મેયર ડેવિડ માર્ટીને પણ લોકડાઉન વખતે ફૂડ પેન્ટ્રી ખોલવા બદલ ચેપ્ટરનો આભાર માન્યો હતો.

*(પરીખ વર્લ્ડવાઇડ મીડિયા)*

# મર્ડોકના અખબાર ન્યુ યોર્ક પોસ્ટે ટ્રમ્પને હાર સ્વીકારવા સલાહ આપી

**ટીમ એલ્ફિન્ક**

ન્યુ યોર્ક પોસ્ટનો તંત્રી વિભાગ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે સૌથી મોટો ટેકેદાર હતો. ચાર વર્ષ પહેલાં રૂપર્ટ મર્ડોકની માલિકીના આ અખબારે જ સૌ પ્રથમ ટ્રમ્પના પ્રમુખપદના દાવાને સમર્થન આપ્યું હતું અને આ વર્ષે બીજી વાર ચૂંટવા અપીલ કરી હતી.

જોકે ગત રવિવારે પોસ્ટે તંત્રીલેખ લખીને સ્પષ્ટપણે કહ્યું કે ટ્રમ્પે હાર સ્વીકારી લેવી જોઈએ અને મોટા પાયે ચૂંટણીમાં ગેરરીતિ થઈ છે તેવી વાતો બંધ કરવી જોઈએ. હારને કારણે તમને રોષ ચડ્યો છે તે અમે સમજીએ છીએ મિસ્ટર પ્રેસિડન્ટ, પરંતુ આ માર્ગ આગળ જતા બરબાદી નોતરશે, એમ એડિટોરિયલ બોર્ડે લખ્યું હતું.

તંત્રી લેખનું મથાળું જ સ્ટોપ ધ ઈનસેનિટી - ગાંડપણ બંધ કરો એવું હતું. ટ્રમ્પ હજીય વાઇસ પ્રેસિડન્ટ માઇક પેન્સ અને પોતાના પક્ષના સાંસદોને કોઈક રીતે ચૂંટણી પરિણામોને અટકાવવા દબાણ કરી રહ્યા છે. ૬ જાન્યુઆરીએ બાયડનના વિજયને અનુમોદન આપવા માટે સંસદ મળે ત્યારે પરિણામ પલટાવી નાખવા દબાણ કરી રહ્યા છે.

તમે ટ્વીટ કર્યું છે કે રિપબ્લિકનમાં હિંમત હોય તો તેવો પરિણામોને ઉલટાવી નાખી શકે છે. બીજા શબ્દોમાં તમે બિનલોકતાંત્રિક બળવો કરવાનું કહી રહ્યા છો, એમ પોસ્ટે લખ્યું છે.

ટ્રમ્પને અત્યાર સુધી ટેકો આપતા આવેલા પ્રકાશનોમાંથી આ ટીકા સૌથી આકરી છે. ન્યુ યોર્ક પોસ્ટ ટ્રમ્પનું ચૂસ્ત ટેકેદાર રહ્યું હતું, પણ હવે તેના દ્વારા પણ ટીકા થઈ રહી છે.

ચૂંટણી અંગે તપાસ કરવાનો તમને અધિકાર છે, પણ એક વાત સમજી લોઃ આવા પ્રયાસોમાં કશું મળ્યું નથી, એમ પોસ્ટે લખ્યું છે. વિસ્કોન્સિન અને જ્યોર્જિયામાં પણ તપાસમાં કોઈ ગેરરીતિ જણાઈ નથી.

પરિણામોને પલટાવી નાખવા માટે મુકદમો કરનારા સિડની પોવેલની તથા ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ ફ્લિનની પણ પોસ્ટે ટીકા કરી છે. ફ્લિને તો ટ્રમ્પને માર્શલ લો જાહેર કરીને સત્તામાં ટકી રહેવાની કુચેષ્ટા કરવાની સલાહ આપી હતી. તે શરમજનક કહેવાય અને રાષ્ટ્રદ્રોહ કહેવાય એમ બોર્ડે લખ્યું છે.

ટેકેદાર પ્રકાશને આકરી ટીકા કરી તે વિશે ટ્રમ્પ કેમ્પેઇનની ટીપ્પણી માગવામાં આવી હતી, પણ તે તરત મળી નહોતી.

*- ધ વોશિંગ્ટન પોસ્ટ*

# અમેરિકન સોસાયટી ઓફ એન્જિનિયર્સ ઓફ ઇન્ડિયન ઓરિજિનની ૩૩મી વાર્ષિક પરિષદ

અમેરિકન સોસાયટી ઓફ એન્જિનિયર્સ ઓફ ઇન્ડિયન ઓરિજિન (ASEI)ની ૩૩મી વાર્ષિક પરિષદ વર્ચ્યુઅલી યોજાઈ ગઈ. ગ્લોબલ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીસ (GET-2020) પાંચ અને છ ડિસેમ્બર બે દિવસ માટે થયું, જેનું યૂટ્યુબ પર જીવંત પ્રસારણ પણ કરાયું.

પરિષદના બીજા દિવસે ASEI તરફથી ચાર એન્જિનયરિંગ અચિવર્સનું સન્માન કરાયું હતું, જ્યારે ASEIમાં પ્રદાન અને સર્વિસ એક્સલન્સ માટે અન્ય ચારનું સન્માન કરાયું હતું.

ASEIના પ્રમુખ જ્વલંત લાખિયાના પ્રવચન સાથે પરિષદનો આરંભ થયો હતો અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેનું સંચાલન અનુ ગોપાલકૃષ્ણને કર્યું હતું.

પ્રથમ કિનોટ વક્તા તરીકે VP Magna Int.ના દેવલ દેસાઈએ ઈન્ડિયન ટેક્નોલોજિસ્ટના પ્રદાનને યાદ કર્યું હતું અને તેમણે પૌરાણિક ગાથાથી શરૂઆત કરીને આજના યુગ સુધીની વાતને વણી લીધી હતી.

પ્રથમ ટેક્નિકલ સેશનમાં વક્તા તરીકે આઈબીએમ રિસર્ચના ડો. રોબર્ટ સ્યૂટર હતા. સુપરકમ્પ્યુટરથી પણ ઉકેલવા મુશ્કેલ પ્રોબ્લેમના ઉકેલનો હેતુ ક્વોન્ટમ કમ્પ્યુટિંગનો છે એમ તેમણે જણાવ્યું હતું.

ફાધર ઓફ સ્માર્ટ વિલેજ મૂવમેન્ટ તરીકે જાણીતા થયેલા પ્રો. સોલોમન ડાર્વિને સ્માર્ટ વિલેજ માટે એગ્રીટેકની ઉપયોગીતાની વાત કરી હતી.

યુઝર એક્સપિરિયન્સ ડિઝાઇનના સેશનમાં VMwareના ડિઝાઇનર ઉર્મિલા કશ્યપે આવી ડિઝાઇનની ઉપયોગીતા વિશે વક્તવ્ય આપ્યું હતું. Juniper Networksના જનરલ મેનેજર સુરભી કૌલે પણ ડિઝાઇન પ્રોડક્ટની સફળતા માટે કેટલી જરૂરી છે તેની વાત કરી હતી. તેમણે Netflix, Cisco, YouTube, Google અને Juniper Networksમાં પોતાના બે દાયકાના આ વિશેના અનુભવોને સાંકળી લીધા હતા અને ખ્યાતનામ પ્રોડક્ટ્સના ઉદાહરણ આપ્યા હતા.

IBM ફેલો અને ઇન્નોવેટર તથા AIOps કંપનીના CTO રમા અક્કિરાજુના નામે ૪૫ પેટન્ટ નોંધાયેલા છે. તેમણે રિસર્ચ, એન્જિનિયરિંગ અને બિઝનેસ હેતુઓને કેવી રીતે સંકલિત કરવા જોઈએ તે વિશે વક્તવ્ય આપ્યું હતું.

ઓટોનોમસ વેહિકલ અને ભાવિ ટ્રાન્સપોર્ટેશન વિશે NA SBD Automotiveના ડિરેક્ટર જેફ હેન્ના તથા મેક્કિન્સીના એસોસિએટ પાર્ટનર અક્ષય દેસાઇએ પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. સેશનના મોડરેટર તરીકે ભાવેશ જોષી હતા.

પ્રથમ દિવસના અંતે યંગ ટેક્નોલોજી એક્સપોઝીશન ફાઈનલિસ્ટ જાહેર કરાયા હતા. નિધિ માતિહલી, જ્યોતિ રાણી અને ઇસા જગદીશને વિજેતા જાહેર કરાયા હતા.

બીજા દિવસે મુખ્ય વક્તા તરીકે Haliburtonના ચીફ ડેટા સાયન્ટિસ્ટ ડો. સત્યમ પ્રિયદર્શીએ વિપરિત સંજોગોનો સામનો કેવી રીતે કરવો જોઈએ તેની વાત કરી હતી અને તેની સાથે હનુમાન ચાલીસાના ઉપદેશને સાંકળી લીધો હતો.

પરિષદના અંતે ASEI અવોર્ડ્સ અપાયા હતા. ખ્યાતનામ બોર્ડ મેમ્બર અને અવોર્ડ કમિટીના ચેર થોમસ અબ્રાહમ સાથે શિકાગો ખાતેના એમ્બેસેડર અમિત કુમાર તેમાં જોડાયા હતા.

નીચે પ્રમાણે અવોર્ડ અપાયા હતા.

ASEI લાઇફટાઇમ અચિવમેન્ટ - નવીન જૈન

ASEI એન્ટ્રપ્રેન્યોર ઓફ ધ યર - જ્યોતિ બંસલ

ASEI એન્જિનિયર ઓફ ધ યર - ડો. યોગી ગોસ્વામી

ASEI એન્જિનિયર ઓફ ધ યર - દેવલ દેસાઇ

ASEI સર્વિસ એક્સલન્સ અવોર્ડ - રાકેશ પટેલ

હરી બિન્દર ASEI ફાઉન્ડર્સ અવોર્ડ - વત્સલા ઉપાધ્યાય

લીડરશીપ અને ASEI કન્ટ્રિબ્યૂશન - રાકેશ ગુલિયાણી અને સુનિતા દુલિશ

સમગ્ર પરિષદનું આયોજન કો-ચેર રાકેશ પટેલ અને ભાવેશ જોષી સાથે મળીને ASEIના પ્રમુખ જ્વલંત લાખિયાએ કર્યું હતું. પ્રોગ્રામના ચેર તરીકે ASEI મિશિગન ચેપ્ટરના પ્રેસિડન્ટ વત્સલા ઉપાધ્યાય હતા, જ્યારે કન્વેશન કન્ટેન્ટ ચેર તરીકે સિલિકોન વેલી ચેપ્ટરના પ્રેસિડન્ટ પિયુષ મલિક હતા.

*(પરીખ વર્લ્ડવાઇડ મીડિયા)*